| | |
|---|---|
| વર્ષ ૨૦૨૬-૨૭<br>ચાલુ બાબત<br>રૂ. ૫.૭૭ કરોડ | **પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.** |

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:ACD/AWB/e-file/2/2025/3572/P3
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક :ACD/PSD/e-file/2/2024/3789/P3, Dt: 02/08/2025 (File No: ACD/PSD/e-file/2/2024/3789/P3)

(૨) નિયામકશ્રી,પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક :DOAH/CIT/e-file/304/2025/2716/Livestock, Dt: 04/10/2025

(૩) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:DOAH/CIT/e-file/304/2025/2716/Livestock, Dt: 02/03/2026

**આમુખ:-**

વંચાણે લીધેલા આમુખ (૧) હેઠળના આ વિભાગના ઠરાવથી પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની વિવિધ ચાલુ બાબતને વર્ષ: ૨૦૨૫-૨૬માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા (૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી વર્ષ: ૨૦૨૬-૨૭માં સદર ચાલુ બાબત માટે રૂ. ૫.૭૭ કરોડ (કુલ અંકે રૂપિયા પાંચ કરોડ સીત્તોતેર લાખ પુરા)ની પ્રિ-બજેટ દરખાસ્ત રજુ કરવામાં આવેલ. વર્ષ: ૨૦૨૬-૨૭ના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ. ૫.૭૭ કરોડ (કુલ અંકે રૂપિયા પાંચ કરોડ સીત્તોતેર લાખ પુરા)ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાકીય જોગવાઇ રૂ. ૫.૭૭ કરોડ (કુલ અંકે રૂપિયા પાંચ કરોડ સીત્તોતેર લાખ પુરા)ની વહીવટી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. તેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે રૂ. ૫.૭૭ કરોડ (કુલ અંકે રૂપિયા પાંચ કરોડ સીત્તોતેર લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ ચાલુ બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો - ૧ અને ૨ માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ:૨૦૨૬-૨૭માં ચાલુ રાખવાની વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં | યોજનાનું નામ | યોજનાનું વિગતવાર સદર | બજેટ જોગવાઈ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજયમાં રાજયકક્ષાનું પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડની સ્થાપના કરવા અંગેની યોજના અને રાજ્યના દરેક જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા અટકાવવા મંડળીઓને (એસ.પી.સી.એ.) સહાય કરવાની યોજના | ૩૧૩૫- અન્યને જનરલ સહાયક અનુદાન | ૪.૫૨ |
| | | ૩૧૩૬-પગાર ભથ્થા સંબંધી અન્યને સહાયક અનુદાન | ૦.૪૪ |
| ૨ | પ્રાણી કલ્યાણ સંસ્થાઓને રેસકયુ અને સારવાર એમ્બ્યુલન્સ / લીફટીંગ વાન માટે જાળવણી અને નિભાવ ખર્ચ માટે સહાય | ૩૧૩૫- અન્યને જનરલ સહાયક અનુદાન | ૦.૦૬ |
| ૩ | રાજ્યમાં ગીર અને કાંકરેજ ગાય માટે એમ્બ્રીયો ટ્રાન્સફર પ્રોગ્રામ યોજના | ૩૧૩૫- અન્યને જનરલ સહાયક અનુદાન | ૦.૫૨ |
| | | ૩૧૩૬-પગાર ભથ્થા સંબંધી અન્યને સહાયક અનુદાન | **૦.૨૩** |
| | **કુલ અંકે રૂપિયા પાંચ કરોડ સીત્તોતેર લાખ પુરા** | | ૫.૭૭ |

**બોલીઓ અને શરતો:-**

1. પ્રસ્તુત યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. નિયમિત પગાર ધોરણની જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
3. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાચ્ત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
5. વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
6. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો / કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
7. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
8. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય

મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

9. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
10. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
11. સીધી ભરતી / બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
15. કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાચ્ત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
16. કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
17. કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
18. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
19. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
20. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
21. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
22. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
23. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
24. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
25. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
26. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
27. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
28. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
29. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા

ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

30. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
31. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
32. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
33. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
34. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણીનંબર: | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર: | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર: | ૨૪૦૩ - પશુપાલન |
| ગૌણ સદર: | ૧૦૨ – પશુ અને ભેંસ વિકાસ |
| પેટા સદર: | ૦૬: એ.એન.એચ-૭: પશુધન સુધારણા અને સંરક્ષણ |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે , તદનુસાર પશુપાલન નિયામકની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ)ની તા.૦૧/૦૪/૨૦૨૬ તથા અધિક મુખ્ય સચિવશ્રી(પ.પા.)ની તા. ૦૧/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.પી.ઝાલા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>બિડાણઃ-</u>પરિશિષ્ટ-૧ થી ૩

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, ગુ.રા., કૃષિ ભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી (ES-1), એકાઉન્ટ જનરલ, અમદાવાદ (E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- સેક્શન અધિકારીશ્રી, (આઈ.ટી.સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- વહીવટી અધિકારીશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જિલ્લા તિજોરીઓ તમામ

File No: ACD/AWB/e-file/2/2025/3572/P3 Section-AH Board-Corp. Sc
Approved By: Deputy Secretary,P3 Section-AH Board-Corp. Schemes,
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, ૫.૨, અ. અને નાણાં શાખા
- પસંદગી ફાઇલ

**<u>પરિશિષ્ટ-૧</u>**

**<u>ગુજરાત રાજ્યમાં રાજ્યકક્ષાના પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના અને રાજ્યના દરેક જિલ્લા મથકે પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા અટકાવવા એસ. પી. સી. એ. ને સહાયની યોજના</u>**

શરતો અને બોલીઓ:-

૧. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં.GHKH-94-201-GVS-12011-3565-P.1 તા.૦૫/૧૧/૨૦૧૪ અંતર્ગત પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ-૧૯૬૦ હેઠળ દરેક જિલ્લામાં થયેલ "સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ(SPCA) એ" રજીસ્ટ્રેશનની કામગીરી બાકી હોય તે S.P.C.A. એ નિયમોનુસાર રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૨. જે જિલ્લામાં પ્રાણી ક્રુરતા અધિનિયમ અંતર્ગત ઈન્ફરમરીઝ નિયત થયેલ નથી તે જિલ્લાઓમાં એક પાંજરાપોળને નિયત કરી, જરૂર જણાયે એક કરતા વધુ પાંજરાપોળોને નિયત કરી તેને ઈનફરમરીઝ તરીકે જાહેર કરવાની સત્તા અધ્યક્ષશ્રી સહ કલેકટરશ્રી, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતીની રહેશે.

૩. આ યોજનાના અમલીકરણ અંગે ઈન્ફરમરીઝ (પાંજરાપોળ) દ્વારા જરુરી રજિસ્ટર, દસ્તાવેજો નિભાવવાના રહેશે, જેનુ મોનીટરીંગ અને ઈન્સ્પેકસન જિલ્લા S.P.C.A. દ્વારા કરવાનું રહેશે. તે જ રીતે જિલ્લા S.P.C.A. નું મોનિટરીંગ અને ઈન્સ્પેકસન સમયાંતરે ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

૪. ઈન્ફરમરીઝ પાંજરાપોળોએ પોલીસ કેસના જરૂરી કાગળો, કોર્ટના ચુકાદા જેવા અગત્યના દસ્તાવેજોની ફાઇલ નિભાવવાની રહેશે.

૫. જિલ્લાની ઈન્ફરમરીએ પોલીસ કેસ થયેલ પશુઓના પડતર કોર્ટ કેસ દરમ્યાન પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેની સહાય મેળવવા માટે AWBIની તા. ૦૩/૦૫/૨૦૧૮ની એડવાઈઝરી તથા The PCA (Care and Maintenance of Case Property Animals) Rules, 2017 મુજબ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:- ગુ.પ્રા.ક.બો./૫૮૮-૬૯૩/૨૦૨૨, તા.૧૦/૦૨/૨૦૨૨ પ્રસિધ્ધ કરવામાં આવેલ દર અથવા દર વર્ષે પ્રસિધ્ધ કરવામાં આવતા પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેના દર મુજબ કાર્યવાહી કરી આક્ષેપિત અને પશુમાલિક પાસેથી મે. મેજિસ્ટ્રેટ દ્વારા પશુઓની કસ્ટડી સોંપતી વખતે જામિન ખત ન મળેલ હોય તેમજ સરકારશ્રીની અન્ય કોઈ યોજનાનો લાભ મેળવેલ ન હોય તેવા પશુઓ માટે જ કોર્ટ કેસ હેઠળના પશુઓના કેસનો નિકાલ થાય ત્યાં સુધી અથવા પશુનું મૃત્યુ થાય ત્યા સુધી અથવા મહત્તમ ૯૦ (નેવું) દિવસ ત્રણ માંથી જે ઓછું હોય તે પ્રમાણે દિવસ ગણવાના રહેશે અને સહાય તેટલા દિવસ પ્રમાણે આકારી જિલ્લા S.P.C.A. ની ભલામણ સહ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડને જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન સહાયની દરખાસ્ત કરવાની રહેશે.

૬. પોલીસ દ્વારા પકડાયેલ પશુઓને કોઇ પણ પાંજરાપોળ/ગૌશાળામાં મૂકવામાં આવે તો નિભાવ સહાય કલેકટર સહ અધ્યક્ષ, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી દ્વારા નિયમાનુસાર મંજૂર કરી/કરાવી ચૂકવણી કરી શકાશે.

૭. જિલ્લા S.P.C.A. એ પ્રાણી કલ્યાણ પ્રવૃતિના દિવસોની ઉજવણી અર્થે પ્રચાર-પ્રસાર (મિટિંગ, સાહિત્ય તથા આનુસંગિક ખર્ચ), પશુ-પક્ષી ઉપચાર અંગેનો ખર્ચ ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં કંટીજન્સી ખર્ચ ખાતે આકારવાનો રહેશે.

૮. ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડના ઉપયોગ સારૂ આઉટ સોર્સિંગથી ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે અને પટાવાળા, ડેટા એન્ટ્રી ઓપરેટર, એકાઉન્ટન્ટ વિગેરે જગ્યાઓ જરૂરીયાત મુજબ આઉટસોસિંગથી ભરી શકાશે.

૯. જિલ્લાની પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર આઉટસોર્સથી રૂા. ૫૦,૦૦૦/-

(વત્તા અન્ય વેરા) ના માસીક દરથી એક પશુચિકિત્સા અધિકારીની નિમણૂક કરી શકાશે તથા જિલ્લાની પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાટે આઉટ સોર્સિંગથી ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે.

૧૦. નવીન કચેરી માટે જરૂરી બાંધકામ/ઈલેક્ટ્રિફિકેશન/ફર્નિચર/સાધન-સામગ્રી તથા અન્ય આનુસંગિક ખર્ચ નિયમાનુસાર સક્ષમ કક્ષાએ મંજૂર કરાવી કરવાનો રહેશે.

## પરિશિષ્ટ-૨

## પ્રાણી કલ્યાણ સંસ્થાઓને જીવજંતુ કલ્યાણ બોર્ડ અથવા અન્ય સંસ્થા તરફથી મળેલ રેસક્યુ અને સારવાર એમ્બ્યુલન્સ / લિફ્ટીંગ વાન માટે જાળવણી અને નિભાવ ખર્ચ માટે સહાયની યોજના

### શરતો અને બોલીઓ :-

1. આ યોજના હેઠળ પ્રાણી કલ્યાણ સંસ્થાઓને ફક્ત રેસક્યુ અને સારવાર એમ્બ્યુલન્સ / લિફ્ટીંગ વાનના જાળવણી અને નિભાવ ખર્ચ માટે સહાય આપવામાં આવશે યોજનાના હેતુ સિવાયના વાહનોને સહાય મળવાપાત્ર રહેશે નહી.

2 . વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ યોજના જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી- બનાસકાંઠા અને જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી-સાબરકાંઠા પુરતી છે જે અંગે યોજનાનું કાર્યક્ષેત્ર વિસ્તારવા માટે સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

3 . આ યોજનાનો લાભ લેવા માટે સંબંધિત પ્રાણી કલ્યાણ સંસ્થાએ જિલ્લા SPCA મારફતે અથવા સંબંધિત જિલ્લા SPCA એ જિલ્લા કલેક્ટરશ્રી સહ અધ્યક્ષ, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતીની મંજૂરી મેળવી રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની કચેરીને જરૂરી સાધનિક કાગળો/બીલો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

4 . રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની કચેરી દ્વારા સહાયના નાણાં RTGS થી સંબંધિત જીલ્લાની SPCAના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે તથા સંબંધિત જીલ્લાની SPCA દ્વારા લાભાર્થી સંસ્થાના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે.

5. સાબરકાંઠા અને બનાસકાંઠામાં પ્રતિ જિલ્લા એક વાહન દિઠ ડ્રાઈવર ખર્ચ , ડીઝલ / પેટ્રોલ / ફ્યુલ ખર્ચ, વાહનનો વાર્ષિક કુલ વિમો, એમ્બ્યુલન્સ સર્વિસ તેમજ રખરખાવ એમ કુલ ઘટકો માટે થયેલ ખરેખર કુલ વાર્ષિક ખર્ચ અથવા મહત્તમ વાર્ષિક રૂ. ૩,૦૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે મળવાપાત્ર રહેશે.

6. આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતું માટે ઉપયોગ કરી શકાશે નહી

7. સંબંધિત જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતિ (SPCA) દ્વારા સદર યોજના હેઠળ આપવામાં આવેલ સહાયના હિસાબોની ચકાસણી કરી વિગતો વાર્ષિક વહિવટી અહેવાલ સાથે રજૂ કરવાની રહેશે.

8 . યોજનાના સુચારૂ અમલીકરણ માટે યોજનાની શરતો અને બોલીઓ બાબતે રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડના અધ્યક્ષશ્રીની મંજૂરી મેળવી ફેરફાર કરી શકાશે.

*Signature Not Verified*

*Signed by:Pushpaba Zala*
*Section Officer*
*Date:2026.04.01*
*16:39:54 +5:30*

File No: ACD/AWB/e-file/2/2025/3572/P3 Section-AH Board-Corp. Sc
Approved By: Deputy Secretary,P3 Section-AH Board-Corp. Schemes,

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*